# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર


નં.: ઇ-૩/ 1250

તારીખ: ૨૪/૦૭/૨૦૨૩

**ખાસ અગત્યનું**
**(સમય મર્યાદામાં)**

પ્રતિ,
વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રી,

______________________
______________________
______________________

**વિષય:** પ્રથમસત્ર જુન-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ ની Teacher Teaching અંગેની માહિતી મોકલવા બાબત.

સુજ્ઞશ્રી/સુશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે નવુ એકેડેમીક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ શરૂ થઇ ગયેલ છે. જેમાં સ્નાતક કક્ષાના I, III, V, VII સેમેસ્ટરના પ્રવર્તમાન અભ્યાસક્રમ મુજબ અને અનુસ્નાતક કક્ષાના I, III સેમેસ્ટરના પ્રવર્તમાન અભ્યાસક્રમ જે આપના ડિપાર્ટમેન્ટ/કોલેજ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા ચલાવવામાં આવતા હોય તે તમામ અભ્યાસક્રમના પ્રથમ સત્ર જુન-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ માટેની Teacher Teaching Information યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ નમુના પ્રમાણે **તારીખ: <u>૧૦/૦૮/૨૦૨૩</u>** સુધીમાં મોકલી આપવાની રહેશે. આ માહિતીમાં નીચે બાબતોની ખાસ તકેદારી રાખવા વિનંતી.

૧. દરેક શિક્ષકનું પુરૂ નામ, મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ લખવું ફરજીયાત છે.
૨. ફોર્મ ભર્યા બાદ દરેક શિક્ષકની તેના વિષયની સામે સહિ કરાવવી ફરજીયાત છે અને સહિ કરાવેલી હાર્ડ કોપી યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં જમા કરાવવી.
૩. દરેક શિક્ષકની સિન્ડિકેટ એપ્રુવલ તારીખ, હાજર થયા તારીખ અને રીટાયરમેન્ટ તારીખ દર્શાવવી. (dd/mm/yyyy મુજબ)
૪. જો કોઇ શિક્ષકનો મોબાઇલ નંબર, ઇ-મેલ એડ્રેસ, ડેટ ઓફ સિન્ડીકેટ એપ્રુઅલ, ડેટ ઓફ જોઇનિંગ તથા અધ્યાપકની સહિ નહી હોય તો તેમનું નામ પેનલમાં સમાવેશ કરવામાં આવશે નહી, જેની ખાસ નોંધ લેવી.
૫. દરેક વિષયનો કોડ અને ટાઇટલ સ્પષ્ટ દર્શાવવું.
૬. સેમેસ્ટર મુજબ વિષયવાર અલગ પેજ પર માહિતી દર્શાવવી.
૭. વડાશ્રી/આચાર્યશ્રી/નિયામકશ્રીના સહિ સિક્કા કરેલ પ્રમાણિત નક્લ હાર્ડ કોપી અને સોફ્ટ કોપી બંન્ને મોકલવાની રહેશે જેમા સોફ્ટ કોપી CD માં ન મોકલતા યુનિવર્સિટી **E-mail tti_exam@spuvvn.edu** ઉપર મોકલવાની રહેશે.
૮. માહિતી માટેની Excel File http://www.spuvvn.edu/download/teacher teaching information પરથી મેળવી લેવાની રહેશે.
૯. માહિતી જણાવેલ નમૂના પ્રમાણે મોકલી આપવી ફરજીયાત છે. સદર Excel File ફોર્મેટમાં કોઇપણ પ્રકારનો સુધારો કરવો નહી.
૧૦. એડહોક અધ્યાપક તથા સિન્ડિકેટ એપ્રુવલ વગરના અધ્યાપકની માહિતી Excel File ફોર્મેટમાં ઉમેરો કરવો નહી.

આમ ઉપરોકત માહિતી ઉપરથી જે તે વિષયની આગામી યોજાનાર પરીક્ષાઓમાં નિમણૂંક કરવામાં આવનાર પરિક્ષક, પેપર સેટર અંગેની પેનલ તૈયાર કરવા માટે ઉપયોગમાં લેવામાં આવનાર હોઇ નિયત સમય મર્યાદામાં સદર માહિતી મોકલી આપવાની રહેશે. જે કોલેજ/વિભાગ/ઇન્સ્ટીટ્યુટ દ્વારા સદર માહિતી **તારીખ: ૧૦/૦૮/૨૦૨૩** સુધીમાં નહી મોક્લાવામાં આવે તો તેઓના નામ અગાઉના વર્ષની મોકલવામાં આવેલ માહિતી ધ્યાને લેવામાં આવશે. બાદમાં કોઇ સુધારો વધારો ધ્યાને લેવામાં આવશે નહિ.

આભાર સહ,

આપનો વિશ્વાસુ

24/7/23

નાયબ કુલસચિવ
(પરીક્ષા વિભાગ)